GJVL010007362026

Presented on : 16-06-2026
Registered on : 16-06-2026
Decided on : 19-06-2026
Duration : 03 Day

**મે.વલસાડના સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં, વલસાડ**

**ફોજ. પરચુરણ (આગોતરા જામીન) અરજી નં.૩૫૮/૨૦૨૬**
**આંક–**

**<u>અરજદાર</u>** :– પટેલ સ્મીતલકુમાર નટુભાઈ
રહે.કેવડી ફળીયા, નાની દમણ,
ડાભેલ, દમણ અને દિવ.

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા</u>** :– સ્ટેટ ઓફ ગુજરાત.

---

**<u>અરજી</u>** :–ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.સી.મૌર્યા.
સામાવાળા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિ.

---

**<u>–: હુ ક મ :–</u>**

(૧) આ કામના અરજદાર વિરૂધ્ધ વલસાડ રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૬૧૧૪૦/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨) તથા ૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ થતા જે ગુનામાં અરજદારની પોલીસ અટક કરશે તેવી દહેશત હોવાથી આગોતરા જામીન ઉપર છુટવા માટે આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિ હાજર થયેલ

છે અને તેઓએ ત.ક.અમલદારશ્રીનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, અરજદારે કોઇ આક્ષેપિત ગુનો કરેલ નથી, તેઓને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર વિરૂધ્ધ કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી. હાલનો બનાવ તા.૦૪/૧૦/૨૦૨૪ નો છે, જો તેઓને પોલીસ અટક કરશે તો તેઓ નિર્દોષ હોવાછતાં ખોટી રીતે હેરાન પરેશાન થશે અને સમાજમાં બેઆબરૂ થઇ જાય તેમ છે. અરજદાર પ્રતિષ્ઠિત વ્યકિત છે. આ કામે મળી આવેલ મુદ્દામાલ સાથે કંઇ લાગતું વળગતું નથી. આ કામના મુખ્ય આરોપીઓ વિરૂધ્ધની તપાસ પુરી થઇ ગયેલ છે અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ પણ દાખલ થઇ ગયેલ છે, જેથી તપાસમાં કોઇ વિક્ષેપ ઉભો થાય તેમ નથી. વધુમાં તેઓશ્રીની રજુઆત છે કે, અરજદાર મૂળ દમણના રહેવાસી છે, જેથી જો અરજદારને યોગ્ય શરતોએ આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ટ્રાયલ વખતે તેઓની હાજરી યોગ્ય શરતોએ સુનિશ્રિત કરી શકાય તેમ છે. વધુમાં તેઓશ્રીની રજુઆત છે કે, અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી, અરજદાર સામેનો આક્ષેપિત ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા વિ.જયુડી.મેજી.ફ.ક.શ્રી ની છે. જેથી નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અનુસાર આ કામના અરજદારને યોગ્ય શરતો સાથે આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) સદર કામે સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિએ ત.ક.અ.શ્રીનું સોગંદનામુ રજુ કરી રજુઆત કરેલ છે કે, હાલના કામે મુદ્દામાલનો જે પ્રતિબંધીત દારૂ રૂા.૪૯,૬૫૬/-નો મળી આવેલ છે તે દારૂ હાલના અરજદારે ભરાવેલ હતો, જે જોતા અરજદારની ગુનામાં સંડોવણી પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવેલ છે. વધુમાં અરજદારની કસ્ટોડીયલ પુછપરછ થાય તોજ સાચી હકીકત નીકળી આવે તેમ છે, વધુમાં અરજદાર દમણના રહેવાસી છે, જેથી જો તેઓને જામીન મુકત કરવામાં આવશે તો કેસની કાર્યવાહી દરમ્યાન અદાલતમાં હાજર રહેશે નહીં, જેથી ગુનાના કામે

સજાની જોગવાઇ તથા ગુનાની ગંભીરતા જોતા અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) સાંભળ્યાં. અરજી તથા તે સાથે રજુ થયેલ કાગળો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારશ્રીનું સોગંદનામું ધ્યાને લીધું. આ કામે અરજદાર/આરોપી ઉપર જે પ્રમાણે આક્ષેપ છે તે મુજબ આ કામના આરોપી વિદેશી બનાવટનો દારૂ કિંમત રૂા.૪૯,૬૫૬/- નો ગેરકાયદેસર રીતે રાજયમાં દારૂબંધી હોવાછતાં અન્ય આરોપીઓને ભરી આપેલ હતો, તેવો ફરીયાદ પક્ષનો કેસ છે. જે અંગે જોવામાં આવે તો બનાવ તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજનો છે, ત.ક.અધિકારીશ્રી દ્વારા સાહેદોના નિવેદનો નોંધી લેવામાં આવેલા છે અને અન્ય આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ પણ ફાઇલ કરી દેવામાં આવેલ છે, જેથી સાહેદોને ફોડવાનો પ્રયત્ન આરોપી કરી શકે તેવી શકયતા જણાઇ આવતી નથી. વધુમાં ત.ક.અધિકારીશ્રીનું આંક-૬ નું સોગંદનામું જોતા અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ જણાઇ આવેલ નથી. આરોપી દમણના રહેવાસી છે, તેટલા માત્રથી તેઓને આગોતરા જામીન મુકત ન કરવા યોગ્ય જણાઇ આવતું નથી, તેઓની કેસની કાર્યવાહી સમયની અદાલત રૂબરૂની હાજરી માટે યોગ્ય શરતોએ તેઓને જામીન મુકત કરવા યોગ્ય જણાય છે. જેથી આરોપીના હકકો, આરોપીનો ગુનામાં રોલ, પ્રતિબંધીત મુદ્દામાલનો જથ્થો, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તેમજ વિ.જયુડી.મેજી.ફ.ક.ટ્રાયેબલ ગુનો છે તે તમામ બાબતો મધ્યે નજર રાખતા તથા આરોપીની ટ્રાયલ સમયે હાજરીની શકયતા વગેરે તપાસતા નામદાર સર્વોચ્ચ અદાલતના જામીન આપવા તથા ન આપવા પરત્વેના પ્રસિધ્ધ ચુકાદાઓ કે જેમાં ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા તેમજ **Siddharam Satlingappa Mhetre Vs. State of Maharashtra & Ors. reported in (2011) 1 Supreme Court Cases 694** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયિક જણાય છે. જેથી ઉપરોકત તમામ સંજોગો, ગુનાની ગંભીરતા તથા અરજદારની ગુનામાં ભૂમિકા ધ્યાને લેતાં ઉપર ચર્ચા કરી તેમ અરજી ગ્રાહય રાખવા પાત્ર

ઠરતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧. અરજદારની હાલની આગોતરા જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

૨. જો અરજદારની હાલના કેસના કામે ધરપકડ કરવાની પરીસ્થિતિ ઉભી થાય ત્યારે અરજદારે **રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા)** નો એક જામીન રજુ કર્યેથી અને તેટલી જ રકમનો જાતમુચરકો ત.ક.અમલદાર સમક્ષ ભરી આપ્યેથી તેઓને વલસાડ રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૪૨૧૮૯/૨૦૨૪ થી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ), ૯૮(૨) તથા ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે નીચેની શરતોને આધિન આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) આ કામના અરજદારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં તા.૨૬/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન હાજર રહેવું.

(૨) અરજદારે આ કેસની તપાસના કામે તપાસ કરનાર અમલદારશ્રીને સહકાર આપવો.

(૩) અરજદારે આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડી બહાર જવું નહીં.

(૪) અરજદારે ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે ચેડા કરવા નહીં, તેમજ તેઓનો સંપર્ક કરવો નહીં કે લોભ, લાલચ આપી ફોડવાની કોશીષ કરવી નહીં.

(૫) અરજદારે પોતાના કાયમી રહેઠાણના સરનામા મોબાઇલ નંબર સહીત, ઓળખના પુરાવાની ખરી નકલ સાથે સંબંધિત કોર્ટ સમક્ષ તેમજ તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવા તથા રહેઠાણ બદલવાના સંજોગોમાં ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી મેળવવી.

(૬) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધિત કોર્ટમાં અઠવાડીયામાં જમા કરાવી દેવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૩. હુકમ મુજબના જામીન ત.ક.અ.શ્રી સમક્ષ આપવાના રહેશે.

૪. આ હુકમની કોઈપણ શરતનું ઉલ્લંઘન થયે પ્રોસીકયુશન અરજદારના જામીન રદ્દ કરાવવાની કાર્યવાહી કરી શકશે.

૫. હુકમ મુજબની જરૂરી યાદી કરવી.

ચુકાદો આજરોજ તા.**૧૯મી માહે જુન સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

તા.૧૯/૦૬/૨૦૨૬.

સ્થળ : વલસાડ.

**(નિપા ચંદ્રકાંત રાવલ)**
**સેશન્સ જજ**
**વલસાડ**
**કોડ નં.જીજે૦૦૩૭૦**